મે. વિજાપુરના પ્રિન્સીપલ સીનીયર સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં , મુ.વિજાપુર

સિવિલ પરચુ.અરજ નં. ૪/૨૦૨૬

**<u>આક–૦૧ નીચે હુકમ:–</u>**

(૧) અરજી વંચાણે લીધી , સાંભળ્યા.

(૨) હાલની અરજી લેન્ડ રેફરન્સ કેસ નં. ૩૬/૨૦૧૫ (ગ્રુપ એલ.એ.આર.નં. ૨૦/૧૫ થી ૪૩/૧૫) ના અરજદાર ગુજરી જતાં તેમના વારસો તરફે રેકર્ડ પર દાખલ થવા માટે અને તેના અનુસંધાને જરૂરી સુધારા કરવાની પરવાનગી માટે આપેલ છે. જયારે આ કામના સામાવાળાઓને તા. ૨/૨/૨૦૨૬ ના રોજ નોટીસ બજેલ છે છતાં તેમના તરફે કોઈ હાજર નથી કે કોઈ રજુઆત નથી.

(૩) અરજદાર તરફે થયેલ દલીલો સાથે મરણનો દાખલો ધ્યાને લેતાં રેફરન્સ કેસ નં. ૩૬/૨૦૧૫ (ગ્રુપ એલ.એ.આર.નં. ૨૦/૧૫ થી ૪૩/૧૫) ના અરજદાર ગુજરી ગયેલ છે. તેઓનુ પેઢી નામુ ધ્યાને લેતાં હાલના અરજદારો તેમના કાયદેસરના વારસો છે. મુળ રેફરન્સ કેસ થયેલ છે પણ તેમાં થયેલ એવોર્ડ મુજબની રકમ તેમના વારસોને મળે તે હેતુથી રેકર્ડ પર જોડવા જરૂરી છે, તે સંજોગોમાં હાલની અરજી મંજુર થવા પાત્ર હોવાનુ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે. લેન્ડ રેફરન્સ કેસ નં. ૩૬/૨૦૧૫ (ગ્રુપ એલ.એ.આર.નં. ૨૦/૧૫ થી ૪૩/૧૫) ના અરજદારોના વારસોને રેકર્ડ પર જોડવાની પરવાનગી આપવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તારીખ ૨૮મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:– ૨૮/૦૪/૨૦૨૬
સ્થળ:– વિજાપુર

**( ધર્મેન્દ્રકુમાર અશોકભાઈ પટેલ)**
**પ્રિન્સીપલ સિનિયર સિવિલ જજ**
**વિજાપુર કોડ નં.જી.જે.૦૧૨૨૮**